ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા.૨૩/૦૬/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી .
ભાવનગર.

## રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરીષદ અંગેની શિક્ષક શિબિરનું તા.૨૭મી જૂનને શનિવારના રોજ આયોજન

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ પુરસ્કૃત (NCSTC) નેટવર્ક હેઠળ સમગ્ર ભારતમાં છેલ્લા ૨૨ વર્ષથી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ પ્રોજેક્ટ કાર્યરત છે. સમગ્ર ગુજરાતમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ & ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા આ પ્રવૃતિનું સંચાલન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં આ કામગીરી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરને સોંપવામાં આવેલ છે.

જે અંતર્ગત પ્રોજેક્ટ પરની શાળાઓએ કરવાની આગળની કામગીરી માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંગેના શિક્ષક ઓરીએન્ટેશન વર્કશોપનું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, દ્વારા **તા.૨૭ જૂન,૨૦૧૫ શનિવારના રોજ સવારના ૯:૩૦ થી ૪:૦૦ દરમ્યાન મેડીકલ કોલેજ, એસ.ટી.બસ સ્ટેશન પાસે,** ભાવનગર ખાતે કરવામાં આવેલ છે.

જેનો મુખ્ય હેતુ બાળકોની કુદરતી અને સહજ જિજ્ઞાસા વૃતિને અનુકૂળ પ્રવૃતિઓ કરીને તેઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય નિરીક્ષણ, માહિતી એકત્રીકરણ, સિધ્ધાંત કલ્પના, પ્રયોગ પૃથ્થકરણ અને ચકાસણીની વૈજ્ઞાનિક પધ્ધતિ સમજે અને પછી તારણો પર આવી પરિણામ મેળવવાનો છે. આ પ્રવૃતિમાં જિલ્લાની ઉચ્ચ પ્રાથ. અને માધ્યમિક શાળાઓ પાસેથી ઉંમર વર્ષ ૧૦ થી ૧૪ (જુનિયર) અને ૧૪ થી ૧૭ (સિનીયર) સુધીના બે ગ્રુપમાં **હવામાનની સમજ મેળવવી** (understanding of weather and climate) થીમ અને છ પેટા વિષયોમાંથી કોઈ એક વિષય પસંદ કરી અભ્યાસ રજૂ કરવાનો રહેશે.

આ શિબિરમાં **ડૉ.રાજમલ જૈન** (Professor and Dean, Research Cell at Kadi SarvaVishwavidyalaya, Gandhinagar) તેમજ **શ્રીમતિ નીલાબેન ડોંગરે** (જીવન સાધના સ્કુલ, વડોદરા) પ્રોજેક્ટ પરની કામગીરીનું પોતાના અનુભવને આધારે માર્ગદર્શન આપનાર છે.

ભાવનગર જિલ્લાની તમામ ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો આ માર્ગદર્શક શિબિરમાં ભાગ લઈ શકશે. તેવું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

પ્રી. ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.